## <u>નામ. વડી અદાલતમાં દાખલ થયેલ ૩૦૦૫/૨૦૨૬ તથા સંલગ્ન અન્ય કેસોમાં તા.૨૩/૦૪/૨૦૨૬ના ઓરલ ઓર્ડરના અરજદારો માટે અગત્યની સૂચના</u>

નામ. વડી અદાલતમાં દાખલ થયેલ એસ.સી.એ.નં.૩૦૦૫/૨૦૨૬ તથા સંલગ્ન કેસમાં તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ નામ. વડી અદાલતે આપેલ કોમન ઓરલ ઓર્ડર મુજબ સદર કેસોના અરજદારોના (પીટીશનર્સ) ઓફલાઇન ફોર્મ વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૬ ની તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે સ્વીકારવા જણાવેલ છે. સબબ એસ.સી.એ.નં.૩૦૦૫/૨૦૨૬, ૩૭૨૩/૨૦૨૬, ૫૪૦૭/૨૦૨૬, ૩૨૬૯/૨૦૨૬, ૩૨૯૪/૨૦૨૬ અને ૫૯૭૮/૨૦૨૬ કેસના અરજદારોએ નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

- નામ. વડી અદાલતના ઓરલ ઓર્ડર મુજબ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ સમય ૧૦:૩૦ થી ૧૭:૦૦ કલાક સુધી જ **સંબંધિત પીટીશનરના ઓફલાઈન ફોર્મ વિદ્યાસહાયક ભરતી કાર્યાલય, સેક્ટર-૨૦, ગાંધીનગર ખાતે રૂબરૂ જ સ્વીકારવામાં આવશે**.
- સદર કેસોના અરજદારોએ (પીટીશનર્સ) વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૬ ની તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે આ સાથે સામેલ નિયત નમૂના મુજબનું અરજીપત્રક સુવાચ્ય અક્ષરે ભરી જરૂરી આધાર-પુરાવાની સ્વપ્રમાણિત નકલો સાથે રજૂ કરવાનું રહેશે.
- વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ ગુ. મા.) વર્ષ ૨૦૨૬ની જાહેરાત મુજબ જરૂરી અરજી ફી સ્થળ પર રોકડેથી ચુકવવાની રહેશે. જેની પાવતી આપવામાં આવશે.
- તમામ પીટીશનર SCA No ૩૦૦૫/૨૦૨૬, ૩૭૨૩/૨૦૨૬, ૫૪૦૭/૨૦૨૬, ૩૨૬૯/૨૦૨૬, ૩૨૯૪/૨૦૨૬ અને ૫૯૭૮/૨૦૨૬ કેસમાં મંજૂર થયેલ દાદ સિવાયની સદર ભરતીમાં ઉમેદવારી નોંધાવવા અંગેની અન્ય તમામ શરતો પરિપૂર્ણ કરતાં હોવા જોઇશે.
- નામ. વડી અદાલતના ચુકાદા મુજબની બાંહેધરી રજૂ કર્યેથી જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે. જે સંબંધિત ઉમેદવારને સદર ભરતી માટે બંધનકર્તા રહેશે.
- નામ. વડી અદાલતના આદેશ મુજબ માત્ર અરજીપત્રક સ્વીકાર્યેથી નોકરી અંગેનો કોઈ હક્ક/દાવો રહેશે નહી અને તે નામ. વડી અદાલતના આખરી ચુકાદાને આધિન રહેશે.

**તા.૨૩/૦૪/૨૦૨૬** **ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ, ગાંધીનગર**
**સ્થળ:- ગાંધીનગર**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ ગાંધીનગર

તાજેતરનો ફોટો
ચોંટાડવા

# વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૬

## ઓફલાઈન અરજીપત્રક

**જાહેરાત તારીખ:** ૦૧/૦૪/૨૦૨૬ **જાહેરાત ક્રમાંક:** ૦૧/૨૦૨૬

**ઓફલાઈન અરજીપત્રક સ્વીકારવાનું કારણ:** નામ. વડી અદાલતમાં દાખલ થયેલ એસ.સી.એ.નં.૩૦૦૫/૨૦૨૬ ૩૭૨૩/૨૦૨૬, ૫૪૦૭/૨૦૨૬, ૩૨૬૯/ ૨૦૨૬, ૩૨૯૪/૨૦૨૬ અને ૫૯૭૮/૨૦૨૬ કેસમાં નામ. વડી અદાલતે આપેલ તા.૨૩/૦૪/૨૦૨૬ના કોમન ઓરલ ઓર્ડર અન્વયે

**અરજી નંબર:**

| | | | |
|---|---|---|---|
| **ટેટની માહિતી** | | | |
| ટેટ સીટ નં.: | | જન્મ તારીખ: | |
| ટેટની પરીક્ષાનું માધ્યમ: | ગુજરાતી | અરજી ક્યાં માધ્યમમાં કરવા માંગો છો? | ગુજરાતી |
| ટેટમાં મેળવેલ ગુણ: | | ટેટના કુલ ગુણ: | ૧૫૦ |

| | | | |
|---|---|---|---|
| **મૂળભૂત વિગતો (બેઝિક ડિટેઇલ)** | | | |
| પુરૂ નામ | | | |
| જાતિ | પુરૂષ/સ્ત્રી/અન્ય | શું તમે પરણિત છો? | હા/ના |
| અરજદાર ની કેટેગરી :- | કેટેગરી: બિન અનામત/SC/SEBC/ST/EWS<br>જાતિ પ્રમાણપત્ર નંબર: તારીખ.<br>પાત્રતા પ્રમાણપત્ર નં. તારીખ.<br>નોન-ક્રિમિલિયર પ્રમાણપત્ર નં. તારીખ. | | |
| શું તમે વિધવા છો : હા/ના | | વિધવા પ્રમાણપત્ર તારીખ :<br>પુન: લગ્ન ન કર્યા અંગેનું સોગંદનામું રજૂ કરેલ છે ? : હા/ના | |
| શું તમે દિવ્યાંગ ઉમેદવાર છો ? : હા/ના | | દિવ્યાંગતા જૂથ : A/B/C/D<br>પ્રકાર:<br>દિવ્યાંગતાની ટકાવારી:<br>પ્રમાણપત્ર નંબર: તા. | |

| | | | |
|---|---|---|---|
| **સંપર્ક અને સરનામાની વિગત** | | | |
| મોબાઇલ નંબર: | | ઇમેઇલ આઈડી: | |
| સરનામું: | | | |
| રાજ્ય: | | જીલ્લો: | |
| તાલુકો: | | પીન કોડ: | |

| | |
|---|---|
| **અન્ય વિગતો** | |
| ઉમેદવાર જાતે માજી સૈનિક છે ?: હા/ના | જોડાયા તારીખ:<br>છુટા થયા તારીખ: |
| સરકારી શાળા ધોરણ ૧ થી ૫ વિદ્યાસાયક / શિક્ષક માં ફરજ બજાવો છો ? : હા/ના | નોકરીમાં જોડાયા તારીખ:<br>એન.ઓ.સી. મેળવેલ તારીખ: |

| એચ.એસ.સી.ની લાયકાત | | | | | |
|---|---|---|---|---|---|
| બોર્ડનું નામ: | | | પાસ થયા નું વર્ષ: | | |
| પ્રવાહ: | | બેઠક નંબર: | | Trial: | |
| કુલ ગુણ: | | મેળવેલ ગુણ: | | Percentage : | |

| શૈક્ષણિક સ્નાતકની લાયકાત | | | |
|---|---|---|---|
| લાયકાત: | | વિષય: | |
| રાજ્ય: | | યુનિવર્સિટીનું નામ: | |
| બેઠક નંબર: | | અભ્યાસનો પ્રકાર: | |
| Trial: | | પાસ થયા નું વર્ષ: | |
| કુલ ગુણ: | | મેળવેલ ગુણ: | | Percentage : | |

| તાલીમી લાયકાત | | | | | |
|---|---|---|---|---|---|
| લાયકાત: | | રાજ્ય: | | | |
| કોલેજનું નામ: | | યુનિવર્સિટીનું નામ: | | | |
| પાસ થયા નું વર્ષ: | | બેઠક નંબર: | | Trial: | |
| શું કોલેજ એન.સી.ટી.ઇ. / આર.સી.આઈ. માન્ય છે? | | હા/ના | | | |
| કુલ ગુણ | | મેળવેલ ગુણ | | Percentage : | |

## બાંહેધરી

(૧) ઉપરોક્ત તમામ વિગતો/માહિતી સાચી છે જો ઉપરોક્ત માહિતી/વિગતોમાં કોઈ ખોટી કે બનાવટી સાબિત થશે તો અરજીપત્રક આપોઆપ રદ થશે તેની મને જાણ છે.

(૨) જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક વર્ગ-3 ભરતી, ધોરણ- ૧ થી ૫ (ગુજરાતી માધ્યમ) વર્ષ-૨૦૨૬ ની જાહેરાત ક્રમાંક - ૦૧/૨૦૨૬ અન્વયેના ભરતી નિયમો, લાયકાત અને ગુણાંકન સંબંધી જોગવાઈઓ, ભરતી સંબંધિત અન્ય જોગવાઈઓ અને સદર જાહેરાત સંદર્ભેની વિગતવાર જાહેરાત મેં વાંચી છે - સમજી છે અને તે મને બંધનકર્તા રહેશે તેવી હું બાંહેધરી આપું છું.

(૩)લોક ભારતી અધ્યાપન મંદિર સણોસરા ખાતેથી PTC/D.El.Ed. મેળવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ ભવિષ્યમાં ગુ.રા. પ્રા. શિ પ. સમિતિ / શિક્ષણ વિભાગ જે નિર્ણય લેશે તે બંધન કરતા રહેશે તે શરતે ઉમેદવારી નોંધાવેલ છે.

(૪)જે ઉમેદવારો ડિપ્લોમા ઈન એજ્યુકેશન (સ્પેશિયલ એજ્યુકેશન) અથવા ચાર વર્ષીય ઈન્ટીગ્રેટેડ એજ્યુકેશનના અંતિમ વર્ષમાં હોય અને ટેટની પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારો હાલ કામચલાઉ રીતે ઉમેદવારી કરી શકશે પરંતુ તેમ ની ઉમેદવારી અંગે ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ અને શિક્ષણ વિભાગ જે નિર્ણય કરશે તે આખરી અને બંધનકર્તા રહેશે તે ની મને જાણ છે.

(૫) હું નામ. વડી અદાલતમાં દાખલ કરેલ એસ.સિ.એ.નં............/૨૦૨૬માં અનુક્રમ નંબર:....... ઉપરનો પીટીશનર છું. નામ. વડી અદાલત દ્વારા તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ આપેલ કોમન ઓરલ ઓર્ડરના ફકરા ૧૧(૩) માં જણાવેલ બાંહેધરી આપું છું. ઉક્ત ઉમેદવારી સદર કોમન ઓરલ ઓર્ડરની જણાવેલ શરતોને આધિન કરૂ છું અને આ ભરતીમાં મારી ઉમેદવારી/જિલ્લા પસંદગી/નિમણૂંક સદર કેસમાં નામ. વડી અદાલત દ્વારા આપવામાં આવનાર આખરી ચુકાદાને આધિન રહેશે.માત્ર ફોર્મ જમા કરાવ્યેથી નિમણૂંક માટેનો હક્ક/દાવો રહેશે નહી.

**તારીખ:** ૨૪/૦૪/૨૦૨૬

**સ્થળ:** ગાંધીનગર      અરજદારની સહી